# સાહિત્ય અને ગદ્યકાવ્ય

ધીરુ પરીખ

સૈકાઓથી એક રૂઢિ અને માન્યતા ચાલતી રહી છે કે કવિતા તો પદ્યમાં જ રચાઈ શકે. દેશવિદેશના પુરાણા સાહિત્યની વિગતો જોતાં આ તથ્યપૂર્ણ પણ લાગે છે. આપણે ત્યાં તો સંસ્કૃત મીમાંસામાં કહેવાયું છે કે **'काव्यं गद्यं पद्यं च ।'** એમાંય કોણ જાણે કેમ કાવ્યસર્જન માટે પ્રથમ શબ્દ 'ગદ્ય' મૂક્યો છે ! સંસ્કૃત સાહિત્યમાં ગદ્યકાવ્યના 'આખ્યાયિકા' તથા 'કથા' એવા બે પ્રકારો જોવા મળે છે. કાત્યાયન 'અષ્ટાધ્યાયી' પરની ટીકા-ટિપ્પણીમાં ગદ્યકાવ્યનો 'આખ્યાયિકા' સ્વરૂપે નિર્દેશ કરે છે. આ જ રીતિમાં લખાયેલ 'વાસવદત્તા', 'સુમનોત્તરા' તથા 'ભૌમરથી'નો પતંજલિએ ઉલ્લેખ કર્યો છે. તો વળી આવા પ્રકારના ગદ્યમાં રચાયેલી 'ચારુમતી', 'શૂદ્રકકથા' તેમજ 'તરંગવતી'નો ઉલ્લેખ મળે છે જેને ગદ્યકાવ્યમાં મૂકવામાં આવે છે. આવી જ રીતે કાવ્યાત્મક ગદ્યમાં રચાયેલી ભટ્ટાર હરિશ્ચન્દ્રની કૃતિ 'ગદ્યપ્રબંધ'નો પણ બાણભટ્ટ ઉલ્લેખ કરે છે. જોકે સંસ્કૃતમાં કંઈક યોગ્ય અર્થમાં ગદ્યકાવ્યનો સૌપ્રથમ નમૂનો ઈ. સ. ૧૫૦માં ગિરનાર પર્વત પર કોતરવામાં આવેલા મહાક્ષત્રપ રુદ્રદામાના શિલાલેખમાં વાંચવા મળે છે. આ શિલાલેખનું ગદ્ય કાવ્યાત્મક શૈલીમાં લખાયેલું છે. તો વળી ઈ. સ. ૩૫૦ની આસપાસ સમુદ્રગુપ્તની પ્રશંસામાં હરિષેણ દ્વારા લખાયેલ પ્રયાગના સ્તંભાલેખનમાં પણ ગદ્યપદ્યમિશ્રિત શૈલી જોવા મળે છે. ત્યાર પછી પણ કેટલીક સદી સુધી કેટલાક અભિલેખોમાં લલિત કાવ્યાત્મક ગદ્યશૈલી જોવા મળે છે. તો વળી ઈસુની છઠ્ઠી-સાતમી સદીમાં દંડી, સુબન્ધુ તથા બાણભટ્ટ પણ આ રીતે કાવ્યાત્મક ગદ્યમાં કૃતિઓ રચે છે. આમાં દંડીનું 'દશકુમારચરિત' કથાસ્વરૂપે આલેખાયેલ છે તો સુબન્ધુની 'વાસવદત્તા' પણ આવી જ કાવ્યશૈલીના ગદ્યમાં લખાયેલી રચના છે. બાણભટ્ટ દ્વારા 'હર્ષચરિત' તથા 'કાદમ્બરી' નામની કથા-આખ્યાયિકા ખૂબ પ્રશંસા પામેલી પ્રસિદ્ધ રચનાઓ છે, જેમાં કાવ્યાત્મક ગદ્યશૈલી ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચેલી છે. પરંતુ એ યાદ રહે કે સંસ્કૃતમાં કાવ્યાત્મક ગદ્યમાં રચાયેલી આ કૃતિઓ આજે જેને આપણે ગદ્યકાવ્ય તરીકે ઓળખીએ છીએ તેવા શુદ્ધ ગદ્યકાવ્યના પ્રકારમાં ન આવી શકે. અલબત્ત, ગદ્યમાં કાવ્યત્વ સિદ્ધ કરવાનો આ પૂર્વસૂરિઓનો આ પ્રશંસનીય પ્રયાસ હતો. આમ છતાંય મોટા ભાગે કાવ્યરચના પદ્યમાં જ થતી રહી. રાસા, ફાગુ, બારમાસી વગેરે મધ્યકાલીન કાવ્યો કે આખ્યાનાદિ કાવ્યો પદ્યમાં જ રચાયાં. આપણે ત્યાં અર્વાચીન ગુજરાતીમાં પણ કવિતામાં છંદમુક્તિનો પ્રથમ પ્રયોગ ન્હાનાલાલે ઈ. સ. ૧૯૮૯માં 'વસંતોત્સવ' કાવ્ય રચીને કર્યો. ન્હાનાલાલે એને ડોલનશૈલી કહી. આ 'ડોલન' એ જ ગદ્યલયનો સૂચક પર્યાય છે. આપણે ત્યાં આમ ગદ્યકાવ્યની દિશામાં શ્રીગણેશ મંડાય છે.

પશ્ચિમમાં પણ ગદ્યકાવ્ય ૧૯મી સદીના મધ્યાન્તરથી શરૂ થાય છે. ત્યાં વર્ડ્ઝવર્થે 'લિરિકલ બેલડ્ઝ'ની પ્રસ્તાવનામાં આ ગદ્યકાવ્ય વિશે વિચાર કર્યો છે. એમનું એક

વિધાન છે :

'The language of prose may yet be well adapted to poetry... that a large portion of the language of every good poem can in no respect differ from that of good prose.' (ગદ્યની ભાષા પણ કવિતા માટે સુપેરે ખપમાં લેવાય.. પ્રત્યેક સારા કાવ્યની મહત્તમ ભાષા કોઈ સારા ગદ્યથી જુદી પડતી હોતી નથી.)

વર્ડ્ઝવર્થે આ રીતે કાવ્યરચનામાં જર્જરિત થતા જતા પદ્યપોતનો વિચાર કર્યો છે અને કવિતા માટે ગદ્ય પણ ખપમાં આવી શકે એવો સૌપ્રથમવાર વિચાર વહેતો મૂક્યો છે. પણ તે પૂર્વે પશ્ચિમમાં જડબેસલાક છંદોવિધાનની સાથે, અથવા કહો કે સામે, ત્યાંની પરિવર્તન પામતી ભૌતિક સંસ્કૃતિના સંદર્ભમાં ફ્રેન્ચ ભાષાના પદ્યની સાર્થકતા ખૂટતી લાગી. ત્યાં છંદોબદ્ધ સુઘડ કાવ્યરચના કરનાર બૉદલેર છંદમુક્તિની દિશામાં ગતિ કરે છે. જોકે ૧૯૬૯માં પ્રકટ થયેલા વિવેચનસંગ્રહ 'લા ત્રેદિશન દુ પોએમ એં પ્રોઝ આવાં બૉદલેર' (La Tradition du Poeme en Prose avant Baudelaire)માં બૉદલેરની પૂર્વે ફ્રેન્ચ ભાષામાં ગદ્યકાવ્ય રચાવા લાગ્યાં હતાં તેની ઝાંખી થાય છે.

ગદ્ય અને પદ્ય એ તો વિચાર કે સંવેદનાની અભિવ્યક્તિનું માધ્યમ છે. પણ જ્યારે ગદ્યનો કવિતા સિદ્ધ કરવા ઉપયોગ થાય છે ત્યારે તે સામાન્ય પ્રકારના ગદ્ય કરતાં કંઈક વિશેષ બને છે. આવા જ કોઈ અર્થમાં વર્ડ્ઝવર્થે કહ્યું લાગે છે :

'In works of imagination and sentiment, for of these only have I been treating, in proportion as ideas and feelings are valuable, whether the composition be in prose or in verse, they require an exact one and the same language.'

(કલ્પના અને સંવેદનાની કૃતિઓ કે જેના વિશે હું વાત કરી રહ્યો છું તેમાં વિચારો અને લાગણીઓ મહત્ત્વનાં છે, પછી એ લખાણ ગદ્યમાં હોય કે પદ્યમાં, પણ તેમાં ભાષા તો એકસરખી જ જોઈએ.)

આ રીતે ભાષાપુરુષાર્થ કવિતાતત્ત્વને તાકવાનો હોય છે. કાવ્ય પછી ભલે પદ્યમાં લખાયું હોય કે ગદ્યમાં. ૧૯૮૨માં ફ્રેન્ચ ભાષામાં એલાઇસિયસ બર્તાન્દ (Aloysius Bertrand)નું ગાસપાર્દ દ લો ન્યૂઈત ('Gaspard de lo nuit) આવાં ગદ્યકાવ્યોનો સંગ્રહ જાણીતો બન્યો હતો. ત્યારબાદ ૧૮૬૯માં બૉદલેરનો ગદ્યકાવ્યોનો સંગ્રહ 'પેતિત્સ પોએમ્સ એં પ્રોઝ' પ્રકાશિત થયો. બસ, એ ગાળાથી ત્યાં ગદ્યકાવ્યોની જિકર થવા લાગી. આમ તો છંદોબદ્ધ કાવ્યો લખનાર બૉદલેર માટે ગદ્યમાં લખાયેલ એની કૃતિઓ કાવ્યો જ હતી, પરંતુ પદ્યબદ્ધ કાવ્યોને જ સ્વીકારતી પ્રજા સમક્ષ એને એટલે કે બૉદલેરને દૃઢતાપૂર્વક રજૂઆત કરવી હતી કે આ ગદ્યમાં લખાયેલી કૃતિઓ છે, પણ તે કાવ્યો છે. આથી જ એણે શીર્ષક 'પેતિત્સ પોએમ્સ એં પ્રોઝ' એવું સૂચક શીર્ષક આપ્યું. સમર્થ ફ્રેન્ચ કવિ બૉદલેરે ૧૮૫૫થી ૧૮૬૭ સુધીમાં માત્ર પચાસ ગદ્યકાવ્યોનું જ સર્જન કર્યું.

એ હકીકત દર્શાવે છે કે પદ્યકાવ્યની પરિપાટી સામે ગદ્યકાવ્યને ઝીંક ઝિલાય તેવું કરવું તે ભારે કવિપુરુષાર્થ માગતી ઘટના છે.

ત્યારે બૉદલેરનાં ગદ્યકાવ્યો વાંચીને તેમના કવિમિત્ર આર્સેન હુસાયને એક પત્ર લખ્યો જેમાં તેમણે ગદ્યકાવ્યનું રસશાસ્ત્ર તેમજ તત્ત્વશાસ્ત્ર વિગતે રચી આપ્યું. આ જ લઢણ પર ત્યારબાદ રિમ્બો, માલાર્મે, વાલેરી વગેરે કવિઓએ પણ ગદ્યકાવ્ય સિદ્ધ કરવા પોતાની કલમ અને કલ્પના કામે લગાડ્યાં.

આપણે ત્યાં પણ આ વિદેશી અસર તળે ગદ્યકાવ્યો લખાવાનો આરંભ થાય છે. ગદ્યકાવ્યમાં પદ્ય સિવાય કાવ્યમાં ખપમાં લેવાતાં લય, અનુપ્રાસ, પુનરાવર્તન, વિવિધ અલંકાર, કલ્પન, પ્રતીક આદિનો સુપેરે પ્રયોગ થાય જ છે. આપણે ત્યાં પદ્યમાં રચાતી કવિતાની સામે આ ગદ્યકાવ્ય રચાવા લાગ્યાં ત્યારે એને 'અછાંદસ'ની સંજ્ઞાથી ઓળખવામાં આવ્યાં. પણ આ 'અછાંદસ' શબ્દ કરતાં 'ગદ્યકાવ્ય' સંજ્ઞા વાપરવી જ વધુ ઉચિત છે. આમ તો પદ્યમાં લખાયેલાં કાવ્યોને, આપણે 'પદ્યકાવ્ય' એવી સંજ્ઞા આપતા નથી તો પછી ગદ્યમાં લખાયેલાં કાવ્યોને 'ગદ્યકાવ્ય' એવી સંજ્ઞા આપવાની જરૂર ખરી ? ખેર, જેમ ફ્રેન્ચમાં પદ્યકાવ્યોની સામે બૉદલેરે ગદ્યમાં કાવ્યો રચ્યાં તેને પ્રજા સમક્ષ એ કાવ્યો જ છે, પરંતુ ગદ્યમાં લખાયાં છે તેથી ત્યારની પ્રજાને તે કાવ્ય તરીકે સમજાવવા માટે જ બૉદલેરને 'ગદ્યકાવ્ય' અર્થાત્ 'ગદ્યમાં લખાયેલ કાવ્ય' એમ કહેવાની ફરજ પડી હશે. આવી ધારણા કરવામાં કોઈ અતિશયોક્તિ કે અનૌચિત્ય મને લાગતાં નથી. પણ ગદ્યમાં રચાતી કવિતા માટે જ્યારે 'ગદ્યકાવ્ય' કે 'અછાંદસ' શબ્દપ્રયોગ રૂઢ થયો છે ત્યારે છેવટે તો વાત ગદ્યમાં કવિતા સિદ્ધ કરવી તે જ છે.

આપણે ત્યાં અનુગાંધીયુગથી ગદ્યકાવ્યનો આરંભ થયેલો જણાય છે. ગદ્યકાવ્યની જોરદાર ઝુંબેશમાં સુરેશ જોષીનું નામ પ્રથમ અને આગળ પડતું ગણી શકાય. તેમણે વિદેશી કાવ્યોના ગદ્યાનુવાદો આપ્યા તેમજ 'ક્ષિતિજ' સામયિકના સંપાદન દ્વારા પણ આ ગદ્યકાવ્યની માવજત કરી. એમનાં ગદ્યકાવ્યોનો સંગ્રહ 'ઇતરા' ૧૯૭૩માં પ્રકટ થાય છે. પણ ઐતિહાસિક દૃષ્ટિએ જોવા જઈશું તો રાધેશ્યામ શર્માએ ગદ્યકાવ્યોનું ઠીક ઠીક ખેડાણ કર્યું છે અને એમનાં ગદ્યકાવ્યોનો પ્રથમ સંગ્રહ 'આંસુ ને ચાંદરણું' ૧૯૬૩માં પ્રકટ થયો હતો. ગુલામ મોહમ્મદ શેખનો 'અથવા' નામે ગદ્યકાવ્યોનો સંગ્રહ ૧૯૭૪માં પ્રકટ થાય છે. લાભશંકર ઠાકરે પણ આ ગદ્યકાવ્યના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે જે એમના બે કાવ્યસંગ્રહો 'મારા નામને દરવાજે' (૧૯૭૨) તથા 'બૂમ કાગળમાં કોરા' (૧૯૭૪)નાં કાવ્યો તથા ૧૯૬૮માં પ્રકટ થયેલી એમની દીર્ઘ કાવ્યરચના 'માણસની વાત'માં પણ એમની હથોટીનાં સુફળ ચાખવા મળે છે.

આ ઉપરાંત તે ગાળાના સમકાલીન કવિઓ ચિનુ મોદી, મનહર મોદી, રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, પ્રિયકાન્ત મણિયાર, હસમુખ પાઠક, ચંદ્રકાન્ત શેઠ, સિતાંશુ યશશ્ચંદ્ર આદિએ ગદ્યકાવ્યનાં સર્જનમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આજની નવી પેઢીના કવિઓ પણ ગદ્યકાવ્યનું સર્જન કરી રહ્યા છે. પરંતુ કાવ્યની કોઈ આંતરિક જરૂરિયાત

વગર પંક્તિઓ રચવાની પ્રવૃત્તિ પદ્યકાવ્યનો જાણે આભાસ ઊભો કરવાની ખેવનામાત્ર જણાય છે. આ પદ્ધતિ કાવ્ય પદ્યમાં જ હોય તેવા છૂપા મનોભાવ સાથે વિચાર-સંવેદનાને અભિવ્યક્ત કરવા જાણે તે પદ્યકાવ્ય ન હોય તેવો ભાસ ઊભો થતો હોય છે. ગદ્યકાવ્યના સર્જકે આવા બિનજરૂરી પંક્તિખંડોથી બચીને વિચાર-સંવેદનાને અનુરૂપ ગદ્યપંક્તિઓ રચવી જોઈએ. પદ્યપંક્તિને ચોક્કસ સ્વરૂપ છે, જ્યારે ગદ્યકાવ્યની પંક્તિ કવિની અભીપ્સિત અભિવ્યક્તિ પ્રમાણે રચાતી જતી હોય છે.

આમ, ગદ્યકાવ્યનો બાહ્ય આકાર કવિએ જ નિર્મિત કરવાનો છે. એમાં એની કસોટી પણ છે. એ માત્ર ગદ્ય નથી પણ ગદ્ય દ્વારા રચાયેલી સર્જનાત્મક કાવ્યકૃતિ છે તે ગદ્યકાવ્યના કવિને માટે મહત્ત્વની સભાનતા છે. મણિલાલ દેસાઈનું તેમના કાવ્યસંગ્રહ ‘રાનેરી’માં પ્રકટ ‘અમદાવાદ’ શીર્ષકથી લખાયેલું ગદ્યકાવ્ય ગદ્યના પરિચ્છેદ જેવું બાહ્ય આકારથી લાગશે :

**અમદાવાદ**

> કરુણા તો અમદાવાદની ઊંટની આંખોમાં છે. માણસોને તો આંખો જ નથી. ઊકળતા ડામરની સડકો પર ચાલતાં એમની બુદ્ધિ પર હવે મોતિયો બાઝી ગયો છે. તે હું પણ અમદાવાદમાં રહું છું, અમદાવાદમાં રહું છું, મારી આસપાસ પણ એક ઝાંખું પડ બાઝવા માંડ્યું છે. નિરોઝ-ક્વૉલિટીનું એરકંડિશનર ભઠિયાર ગલીનો શ્વાસ લેવાનો પ્રયત્ન કરે છે. અને ભઠિયાર ગલી તો મણિનગરની વેશ્યાઓના પડછાયા પાડે છે. સાબરમતીની રેતી અહીંના રસ્તે પથરાઈ ચૂકી છે. અને રસ્તા રાહ જોઈને બેઠા છે ગાંડા ઘોડાપૂરની. સાબરમતીનો આશ્રમ ગાંધીએ માછલાં પકડવા નહોતો બનાવ્યો કે ઘાટ પર નાહવા આવતી અમદાવાદણો સાથે કનૈયાગીરી પણ નહોતી કરવી, એને તો સાઇકલરિક્ષા ચલાવનાર અહમદશાહને ઑટોરિક્ષા અપાવવી હતી. પણ આ અમદાવાદ બળવંતરાય મહેતાની મોટરના પાટા પર થૂંકવામાંથી, અને ઇન્દુલાલ યાજ્ઞિકની ટોપીમાં માથું મૂકવામાંથી જ ઉપર નથી આવતું. કાલે – સરખેજની કબરમાં અહમદશાહનો ઘોડો હણહણ્યો હતો. આવતી કાલે – આદમ મારે બારણે ટકોરા મારી પૂછશે કે ‘મેં આપેલી પેલી લાગણીઓનું શું ?’ ત્યારે હું, લાલ દરવાજે એક પૈસામાં ‘બૂટપૉલિશ’ કરી આપવા તૈયાર થયેલા છોકરાની આંગળી પકડી, અમદાવાદમાંથી નાસી છૂટીશ.

અહીં જોઈ શકાશે કે અમદાવાદમાંના કવિતાના રહેઠાણ દરમિયાન એમને જે સંવેદનો થયાં તે વ્યંગ અને કરુણની મદદથી કાવ્યાત્મક રૂપ – ગદ્યકાવ્યાત્મક રૂપ – પામ્યાં છે. આમ, ગદ્યકાવ્યના વિવિધ બાહ્ય આકારો સંભવી શકે છે, પણ એ બાહ્યાકાર આંતરિક વિચાર-સંવેદનાને અનુરૂપ હોવો ઘટે. આ રીતે ગદ્યકાવ્ય સિદ્ધ કરવું એ સાવ સરળ લેખનકીમિયો નથી તે હકીકત ગદ્યકાવ્યના સર્જકના ધ્યાન પર કાયમ રહેવી ઘટે અને તો જ સાચું અને સારું ગદ્યકાવ્ય સિદ્ધ થાય.